ગ્લોબલ ટ્રેડ શો વાયબ્રન્ટનું આકર્ષણ બન્યુ

આજે બપોરથી ગાંધીનગરના પ્રજાજનો માટે પાસ વિના પ્રવેશ : વૈવિધ્યપૂર્ણ સ્ટોલ નિહાળવા ભારે ધસારો

સુર્યમંદિરની પ્રતિકૃતિ

ગ્લોબલ ટ્રેડ શો માં ટુરિઝમ દ્વારા નિર્માણ કરાયેલી વિવિધ પ્રતિકૃતિઓ આકર્ષણનુ કેન્દ્ર બની છે. ટુરિઝમના ડોમમાં ૧૨૦૦ સ્કવેર મીટરની જગ્યામાં મોટેરા સુર્યમંદિરની પ્રતિકૃતિ,રામકુંડનુ પણ નિર્માણ કરવામાં આવ્યુ છે.

કચ્છી હસ્તકલાના નમુના

ટુરિઝમના સ્ટોલની બાજુમાં સ્થિત કચ્છી બનાવટના હસ્તકલાના નમુના જેમાં વોલ પીસ,મોબાઈલ કવર, સહીત અન્ય લાકડાની ચીજવસ્તુઓના પણ કલાત્મક નમુનાઓ નિહાળવા મળે છે.

વાઇલ્ડ લાઇફ ગેલેરી

ટુરિઝમના ડોમ પાસે વાઈલ્ડ લાઈફ ગેલેરીનુ પણ નિર્માણ કરવામાં આવ્યુ છે. જેમાં સુરખાબ, ગુડખર, સિંહની પ્લાસ્ટર ઓફ પેરિસની પ્રતિકૃતિઓ જોવા મળી રહી છે. આજે પણ મુલાકાતીઓ માટે આ વાઈલ્ડ લાઇફ ગેલેરી આકર્ષણનુ કેન્દ્ર બની હતી.

ધાર્મિક કવીઝ

ટ્રેડ શોમાં વિવિધ પ્રોડકટસની સાથે ધર્મ અને રાજયના વિવિધ ધાર્મિક સ્થાનોને પણ વિશેષ સ્થાન આપવામાં આવ્યુ છે. જેમાં ધર્મને સંબંધિત પ્રશ્નોત્તરીને અનુલક્ષીને પણ કવીઝ રાખવામાં આવી છે. કોમ્પ્યુટરરાઈઝ કવીઝ પણ મુલાકાતીઓ માટે રસપ્રદ બની છે.

ટ્રેડ શો માં જ તીર્થ યાત્રા....

ગ્લોબલ ટ્રેડ શો ધાર્મિક દ્રષ્ટીએ પણ વિશેષ આકર્ષણનુ કેન્દ્ર બન્યુ છે. જેમાં રાજયના વિવિધ ધાર્મિક સ્થાનોની પ્રતિકૃતિ પણ દર્શાવાઈ છે. ડાકોર, સોમનાથ, દ્વારકા તેમજ ગોંડલના મંદિરની પ્રતિકૃતિ નિહાળી બે ઘડી શ્રધ્ધાળુઓ દંગ રહી જાય છે.

દિવ દમણનો ઘુઘવાતો દરિયો.....ફોટો પોઇન્ટ ...

ગ્લોબલ ટ્રેડ શો માં વિવિધ ધર્મ સ્થાનો ઉપરાંત દિવ દમણના દરિયાનુ દ્રશ્ય પણ આબેહુબ દર્શાવાનો પ્રયાસ કરાયો છે. જેમાં દિવ દમણના દરિયાના દ્રશ્ય નજીક ખુરશીમાં બેસી ફોટો ખેંચવાનો મુલાકાતીઓમાં ભારે આકર્ષણ ઉભુ થયુ છે.

વર્ચ્યુઅલ રીયાલીટી સેકશન.....

આ ઠેકાણે મોબાઈલ થ્રી ડી આર ટેકનોલોજીની મદદથી ગીર , સોમનાથ,પાલીતાણા, સાપુતારા સહીતના સ્થળોની જાણે રૂબરૂ મુલાકાત લેતા હોય તેવો અહેસાસ વિઝિટર્સ કરી રહયા છે. ટ્રેડ શો માં આ ટેકનોલોજીના માધ્યમથી પ્રવાસન સ્થળોની રૂબરૂ મુલાકાત લીધી હોય તેવી પ્રતિતિ મુલાકાતીઓને થાય છે.

મંદિરોની પ્રતિકૃતિમાં પુજારી પણ મોજુદ

ટ્રેડ શોમાં તિર્થયાત્રાની પ્રતિકૃતિમાં દ્વારકા ,સોમનાથ,અંબાજી ડકોર સહીતના મંદિરોનો નઝારો આંખ સામે ખડો કરયો છે. જેમાં મંદિરના પુજારીઓ પણ સ્થળ પર ફરજ બજાવી રહયા છે. પુજારીઓ દ્વારા મુલાકાતીઓને ધાર્મિક સ્થાનો અંગેની જાણકારી પણ આપવામાં આવી રહી છે.

સંત નગરી.....



સાબરકાંઠાના મહોર વિસ્તારના વડાલી ખાતે નિર્માણ થનારી સંતનગરીને આબેહુબ દર્શાવાનો પ્રયાસ કરાયો છે. જેમાં હિન્દુ , મુસ્લિમ શીખ ઈસાઈ સંપ્રદાયના સંતો ,જીવન કવન અને સમાજઉપયોગી સંદેશા સહીત આ ધર્મસ્થાન અંગે જાણકારી આપવામાં આવી છે.

બેટરી સંચાલિત રીક્ષા....

ગત વાઈબ્રન્ટમાં પણ આ પ્રોજેકટ રજુ કરાયો હતો. દિલ્હી સરકાર દ્વારા આ પ્રોજેકટને મંજુરી આપી દેવાઈ છે.અને ૫ લાખથી વધુ બેટરી

રીક્ષા દિલ્હીના માર્ગો પર દોડી રહી છે. પર્યાવરણ બચાવોનો મેસેજ આપતા આ પ્રોજેકટને હજુ ગુજરાતમાં મંજુરી મળી નથી. જો કે ટુંક સમયમાં આ યોજનાને મંજુરી મળે તેવી શકયતા છે.

બી એસ એફ બેન્ડની સુરાવલી...

ટ્રેડ શોમાં માત્ર બિઝનેસ સંબંધિત સ્ટોલ્સ જ નથી પરંતુ મુલાકાતીઓને રીફ્રેશ કરતી બેન્ડની સુરાવલી પણ કાને સંભળાય છે.બેન્ડની સુરાવલી પણ મુલાકાતીઓમાં આકર્ષણનુ કેન્દ્ર બની છે.

ગીફ્ટ સીટીનો ચિતાર .....

ગાંધીનગર જીલ્લાના અસ્તિત્વમાં આવેલા ગીફ્ટ સીટીમાં હમણાં જ પ્રધાનમંત્રી દ્વારા ઈન્ટરનેશનલ ટ્રેડીંગ સેન્ટરનો બેલ વગાડી પ્રારંભ કરવામાં આવ્યો છે. જયારે પ્રધાનમંત્રીના આ ડ્રીમ પ્રોજેકટને લગતી તમામ માહીતી પણ ટ્રેડ શો માં આપવામાં આવી રહી છે. જેમાં ગીફ્ટ સીટીમાં આગામી સમયમાં નવા પ્રસ્ટીઝ ગૃપનુ ઓફિસ બિલ્ડીંગ ,રીલાયન્સ કેપિટલ ઓફિસ, એસ બી આઈ ,એ ટી એસ સે વી, બી એસ ઈ બ્રોકર્સ ફોરમ ટાવર બ્રીગેડ હોટલ, સહીતના હાઈરાઈઝ ટાવરો પણ ટુંકમાં અસ્તિત્વમાં આવશે તેની પણ જાણકારી આપવામાં આવી છે.

ગાંધીનગર સ્માર્ટ સીટીનુ મોડેલ.....

ગાંધીનગરને સ્માર્ટ સીટી બનાવવાના પ્રોજેકટનો પણ ટ્રેડ શો માં સમાવેશ કરાયો છે. મહાનગરપાલિકા દ્વારા સ્માર્ટ સીટીના કન્સેપ્ટને બયાન કરતી વિગતો દર્શાવાઈ છે. નગરને વાઈફાઈ એલ ઈ ડી લાઈટ તેમજ સી સી ટી વી કેમરાથી સજજ કરતુ મોડેલ પણ શો માં રજુ કરાયુ છે.

ઇન્ડસ્ટ્રીયલ ડોમમાં વિદેશી ડેલીગેટસ.....



ટ્રેડ શો માં હાલ શરૂઆતના દિવસોમાં આમંત્રિતોને જ પ્રવેશ આપવામાં આવે છે. જયારે આજે ટ્રેડ શો માં ઈન્ડસ્ટ્રીયલ ડોમમાં વિદેશી ડેલીગેટસ માહીતી મેળવતા નજરે પડયા હતા.

સોલ્ટ માઉન્ટ....કેપિટલ સ્ટેશન.....



નાગરની આગવી ઓળખ સમા મહત્મા મંદિર નજીક સ્થિત સોલ્ટ માઉન્ટની પ્રતિકૃતિ પણ ટ્રેડ શો માં જોવા મળી હતી. જયારે રેલવે સ્ટેશનના

● અનુસંધાન પાના ૭ પર

શ્રી નરેન્દ્ર મોદી
પ્રધાનમંત્રી, ભારત

Vibrant GUJARAT 2017 TM
Connecting India to the World | 8th Global Summit
10-13 Jan
सत्यमेव जयते
ગુજરાત સરકાર

વાઈબ્રન્ટ ગુજરાત
ગ્લોબલ સમિટ ૨૦૧૭
૧૦ ૧૧ ૧૨ ૧૩ જાન્યુઆરી ૨૦૧૭

શ્રી વિજય રૂપાણી
મુખ્યમંત્રી, ગુજરાત

ભારતનો આર્થિક એકસપ્રેસ-વે

વાઈબ્રન્ટ ગુજરાત ૨૦૧૭ ગુજરાતની વિકાસ યાત્રાનો વધુ એક કીર્તિમાન બની રહેશે.
ગુજરાત ફરી એક વખત અસીમ સંભાવનાઓનું સર્જન કરી રહ્યું છે ત્યારે, આ યાત્રામાં સહભાગી બનવા,
આ ઈવેન્ટના સાક્ષી બનવા આપને આમંત્રણ છે, જે એક વિકાસ આંદોલન બની ચૂક્યું છે.

વાઈબ્રન્ટ ઈવેન્ટ્સ

નોબેલ એક્ઝિબિશન અને ડાયલોગ	ગ્લોબલ CEO કોન્કલેવ	ગ્લોબલ ટ્રેડ શો '૧૭	GST અને MSME સેમિનાર્સ
કન્ટ્રી સેમિનાર્સ	મેક ઈન ગુજરાત સીરીઝ — સેમિનાર્સ —	B2B અને B2G — મીટિંગ્સ —	એક્શન સેમિનાર્સ

25+ બિઝનેસ સેક્ટર્સ | 100+ દેશો | 2000+ કંપનીઓ | 2500 આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિઓ

સમિટની હાઇલાઇટ્સ–૧૧ જાન્યુઆરી ૨૦૧૭

થીમ સેમિનાર્સ
- GST: ભારતીય અર્થતંત્ર માટે ગેમ–ચેન્જર
- સ્માર્ટ અને રહેવાયોગ્ય શહેરોઃ તકો અને પડકારો
- સ્માર્ટ વિલેજીસઃ ગ્રામીણ ભારતનું સશક્તિકરણ
- ઈઝ ઓફ ડુઇંગ બિઝનેસ – સુવિધાકારો રૂપે નિયમનકારો
- સર્વસમાવેશક વિકાસ માટે આરોગ્ય
- ભારતમાં ઈન્ટરનેશનલ ફાઇનાન્સિયલ સર્વિસીસ સેન્ટર માટે વેપારની સંભાવનાઓ

કન્ટ્રી સેમિનાર્સ
- ઓસ્ટ્રેલિયા • કેનેડા • ફ્રાન્સ • ઈઝરાયલ • જાપાન • પોલેન્ડ
- રશિયા • રૂવાન્ડા • સાઉદી અરેબિયા • સ્વીડન • નેધરલેન્ડ્સ
- UAE • UK • USA

મેક ઇન ગુજરાત સિરીઝ સેમિનાર્સ
- એન્જિનીયરિંગ, હેવી એન્જિનીયરિંગ અને ઓટોમોટિવ – ટેકનોલોજીના ટ્રાન્સફોર્મેશનના યુગમાં રહેલી તકો
- જીન્સ, જીન એડિટિંગ અને નવી બાયોટેકનોલોજી
- ફૂડ પ્રોસેસિંગ થકી કૃષિવિકાસને વેગ

એક્શન સેમિનાર્સ
- સ્માર્ટ અને રહેવાયોગ્ય શહેરો – તકો અને પડકારો
- ઈનોવેશન, સ્ટાર્ટઅપ્સ અને આંત્રપ્રેન્યરશિપ

- B2B મીટિંગ્સ
- B2G મીટિંગ્સ

MAKE IN INDIA | Skill India કૌશલ ભારત-કુશલ ભારત | #startupindia | Digital India Power To Empower

પાર્ટનર દેશો

Australia Canada Denmark France Japan The Netherlands Poland Singapore Sweden UAE UK USA

મહાત્મા મંદિર કન્વેન્શન સેન્ટર, સેક્ટર ૧૩સી, ગાંધીનગર-૩૮૨૦૧૭, ગુજરાત VibrantGujarat company/vibrant-gujarat | www.vibrantgujarat.com | Helpline Number +91 79 23223802-07

વર્ચ્યુઅલ આસિસ્ટન્સ અને ફ્રી વાઈફાઈ માટે સમિટ એપ્લિકેશન ડાઉનલોડ કરોઃ VG-2017 Google play App Store | ઓનલાઈન રજિસ્ટ્રેશન અનિવાર્ય છે. | અગાઉથી બેજ મેળવી લેવા વિનંતી.

ઈન્ડસ્ટ્રિયલ એક્સટેન્શન બ્યૂરોઃ બ્લોક નં.૧૮, બીજો માળ, ઉદ્યોગ ભવન, ઘ-૪, સેક્ટર ૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૦ ગુજરાત • P: +91-79-23256009, 23250492 / 93 • E: indextb@indextb.com • W: www.indextb.com